# પાલનપુરમાં રાજ્ય કક્ષાના ધ્વજવંદન સમારોહનો ટેન્ટ ધરાશાઈ

## રામપુરા ખાતેનો શમિયાણો પડી જતા મચી અફરાતફરી : સદનસીબે મોટી દુર્ઘટના ટળી : ૪ ઘાયલ

રાજ્યકક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં પાલનપુરમાં થવાની છે. ત્યારે પાલનપુર ના રામપુરા



મેદાન ખાતે આજે મુખ્યમંત્રીના કાર્યક્રમને લઈને જે શમિયાણો બાંધવામાં આવ્યો હતો. તે પવનને કારણે પડી જતાં ૩ શિક્ષકો સહિત ૪ લોકો ઘાયલ થયા હતા. જેમાંથી એકને ગંભીર ઈજા થઈ હતી. જોકે, સદનસીબે બાળકો રીશેસના સમયે મંડપ બહાર હોવાથી તેઓનો બચાવ થતા મોટી દુર્ઘટના ટળી હતી.

પાલનપુરના રામપુરા મેદાન ખાતે મુખ્યમંત્રીના કાર્યક્રમને લઈને જે તૈયારીઓ થઈ રહી છે. તેમાં વહીવટી તંત્રની બેદરકારી સામે આવી છે. જે મંડપ બાંધવામાં આવી રહ્યો છે તે હવાને કારણે અચાનક ધરાશાયી થતા અફરાતફરી મચી ગઈ હતી. દરમિયાન, કાર્યક્રમની તૈયારીઓ કરી રહેલા ત્રણ શિક્ષકો સહિત કુલ ૪ લોકો ઘાયલ થયા હતા. જેમને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. ટેન્ટ પડતા સાઉન્ડ સિસ્ટમને પણ નુકશાન થયું હતું. જોકે, સમગ્ર રાજયનો આ કાર્યક્રમ છે. ત્યારે તેની તૈયારીમાં તંત્રની બેદરકારી પ્રકાશમાં આવી હતી.

રાજ્ય કક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણીને પગલે વિવિધ કાર્યક્રમો યોજાનાર છે. જેના માટે અનેક બાળકો અહીંયા તૈયારીઓ કરી રહ્યા છે. આ ઉપરાંત પોલીસ જવાનો, હોમગાર્ડ અને ગ્રામ રક્ષક દળના જવાનો પણ રિહર્સલ કરી રહ્યા છે. બાળકોના વાલીઓ પણ અહીંયા તેમની સાથે આવે છે. ત્યારે આ બાળકો પણ આ મંડપમાં બેસતા હતા. શિક્ષકો તૈયારીઓ કરાવતા હતા. જોકે આ મંડપ અચાનક ભોય ભેગો થતો નાસભાગ પણ મચી ગઈ હતી.



મુખ્યમંત્રીના કાર્યક્રમનો મંડપ જ ધરાશાયી થઈ જતાં અહીયા બાળકોનો અને શિક્ષકોનો અદભૂત બચાવ થયો હતો. પરંતુ વહીવટી તંત્રની બેદરકારી ચોક્કસપણે સામે આવી છે. જોકે આ મહત્વના કાર્યક્રમ પર બાજ નજર રાખવાની હોય છે.પરંતુ અધિકારીઓને પદાધિકારીઓ માત્ર ઓફિસોમાં મિટિંગોમાં વ્યસ્ત છે અને આ કાર્યક્રમને રામભરોંસે છોડી દેવાતા આ દુર્ઘટના ઘટી હોવાનું ઘટનાસ્થળે ચર્ચાતું હતું. શિક્ષકો પણ જીવ બચાવીને દોડ્યા હતા.જોકે, રીશેષ પડતા બાળકો બહાર હોઈ એક મોટી જાનહાની ટળી હોવાનું ખુદ વાલીઓએ જણાવ્યું હતું.

# આજે નિસર્ગ સાયન્સ દ્વારા ઊર્જા ઉત્સવ-૨૦૧૯નું આયોજન

### સે. ૧૬માં મહાત્મા ગાંધી વિદ્યામંદિર ખાતે ઉર્જા ઉત્સવ અંતર્ગત વિવિધ સ્પર્ધાઓ તથા ફિલ્મ નિદર્શન યોજાશે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરની નિસર્ગ કોમ્પ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા આગામી તા. ૨૪મી જાન્યુઆરીએ ઊર્જા ઉત્સવ-૨૦૧૯ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉત્સવ અંતર્ગત વિવિધ સ્પર્ધાઓ જેવી કે ઊર્જા ક્વીઝ, ઊર્જા ચિત્ર સ્પર્ધા, ઊર્જા પોસ્ટર પ્રદર્શન વગેરે ઉપરાંત ઊર્જા બચાવો જાગૃતિ અંગે વક્તવ્ય અને પ્રશ્નોત્તરી યોજાશે.

વિકાસની સાથે સાથે ઊર્જાનો બેફામ વ્યય વધી રહ્યો છે જેને પગલે ઊર્જા કટોકટી વધી રહી છે. ઊર્જા બચતનું મહત્વ જન માનસમાં સ્થાપિત થાય તથા ઊર્જાનો વેડફાટ અટકે તે હેતુથી નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા રાજ્ય સરકારના ક્લાયમેન્ટ ચેન્જ વિભાગ તથા ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી જેડાના સહયોગથી નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ગાંધીનગર જિલ્લાની ૬૦ શાળાઓમાં ઊર્જા ક્વીઝ, ઊર્જા પોસ્ટર પ્રદર્શન, ઊર્જા પ્રશ્નોત્તરી, ઊર્જા જાગૃતિ ફિલ્મ નિદર્શન સહિત જાગૃતિ વ્યાખ્યાન યોજવામાં આવ્યાં હતા. આ તમામ ૬૦ શાળાઓના વિદ્યાર્થીઓને સમૂહ ઊર્જા ઉત્સવ તા. ૨૪મી જાન્યુઆરીએ સવારે ૧૦ કલાકે સેક્ટર-૧૬માં મહાત્મા ગાંધી વિદ્યામંદિર ખાતે યોજવામાં આવ્યો છે. આ ઉત્સવમાં ઉદ્‌ઘાટક તરીકે ગાંધીનગરના મેયર પ્રવિણભાઈ પટેલ, મુખ્ય મહેમાન પદે જેડાના નિયામક તથા મહાત્મા ગાંધી વિદ્યામંદિરના સુપરવાઈઝર નટવરભાઈ લાડાણી, નિસર્ગ સાયન્સના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. અનિલ પટેલ તથા જીપીસીબીના પૂર્વ પીઆરઓ નરેશ ઠાકર, રાજ્ય સરકારના પૂર્વ ઉપ સચિવ વસંતભાઈ પટેલ, નિવૃત શિક્ષક ચંદુભાઈ પટેલ તેમજ મહાત્મા ગાંધી વિદ્યામંદિરના આચાર્ય એમ.બી. વાઘેલા ઉપસ્થિત રહેશે. ઊર્જા ઉત્સવમાં ઊર્જા સંરક્ષણ વિષયે ચિત્ર સ્પર્ધા, ઊર્જા ક્વીઝ, ઊર્જા પોસ્ટર પ્રદર્શન, ઊર્જા મોડેલ મેકીંગ, વર્કશોપ, ઊર્જા રમતો તથા ઊર્જા ફિલ્મ શો વગેરેનું આયોજન કરાયું છે. તમામ સ્પર્ધામાં વિજેતાઓને ઈનામો વડે સન્માનવામાં આવશે. ઊર્જા ઉત્સવમાં અંદાજે ૩૦૦ જેટલા વિદ્યાર્થીઓ અને ૧૦૦ જેટલાં શિક્ષકો ઉપસ્થિત રહેશે.



**સ્વ. બળવંતરાય મહેતા ટુર્નામેન્ટમાં અરવલ્લી જિલ્લાની ટીમ ક્વાર્ટર ફાઈનલમાં પહોચી**

૨૮મી સ્વ.બળવંતરાય મહેતા ટુર્નામેન્ટ આણંદ જીલ્લાના યજમાન પદે યોજાએલ છે. જેમાં અરવલ્લી જીલ્લા પંચાયતની ટીમે ગૃપ ૮માં પાટણ અને અમદાવાદ જીલ્લા પંચાયતની ટીમને હરાવી ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કરેલ છે. જેમાં મેન ઓફ ધ મેચ અમિત પંચાલ, મિતેષ પટેલને તથા મેનેજર રાકેશભાઈ પટેલ તથા કેપ્ટન અમિતભાઈ પટેલને જિલ્લા વિકાસ અધિકારી તથા જિલ્લા પંચાયતના પ્રમુખ અને તમામ સભ્યોએ અભિનંદન પાઠવ્યા હતા.

# શહેરમાં શનિ-રવિ દરમિયાન બે સંતવાણી લોકડાયરા યોજાશે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરમાં આગામી તા. ૨૬મી અને તા. ૨૭મી જાન્યુઆરી એમ બે દિવસ દરમ્યાન બે સંતવાણી લોકડાયરાનું આયોજન થવા પામ્યું છે. પહેલા તા. ૨૬મી જાન્યુઆરી શનિવારે રાત્રે ૯ કલાકે સેક્ટર-૧૨માં ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ ખાતે અને બીજો લોકડાયરો તા. ૨૭મી જાન્યુઆરી રવિવારે રાત્રે ૯ કલાકે સેક્ટર-૨૪માં બગીચા સામે બાપા સીતારામની મઢુલી ખાતે યોજાશે. બંને ડાયરાનું આયોજન ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના સહયોગથી કરવામાં આવ્યું છે.

શનિવારે ડૉ. આંબેડકર હોલ ખાતે યોજાનાર સંતવાણી લોકડાયરામાં શહેરના ઓર્થોપેડીક સર્જન ડૉ. મહિપતસિંહ પરમાર તથા હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમના ચેરમેન શંકરભાઈ દલવાડી ઉપરાંત મનપાના કોર્પોરેટર નાજાભાઈ ધાંધર ઉપસ્થિત રહેશે. રવિવારે સે. ૨૪માં યોજાનાર સંતવાણી લોકડાયરામાં હાથશાળ હસ્તકલા નિગમના ચેરમેન શંકરભાઈ દલવાડી ઉપરાંત સુરેન્દ્રનગર જિલ્લા મિત્રમંડળના પ્રમુખ તખતસિંહ પરમાર, કોર્પોરેટર નાજાભાઈ ધાંધર, મહાત્મા ગાંધી વિદ્યામંદિરના કોઓર્ડિનેટર નટુભાઈ લાડાણી ઉપસ્થિત રહેશે. સંતવાણી ડાયરામાં લોકગાયક રાજુભાઈ શ્રીમાળી રાજતરંગ, આકાશવાણી રેડીયો કલાકાર નાગરભાઈ પ્રજાપતિ, ભજન સમ્રાટ મધુભાઈ વાળા, લોકગીત ભજનિક કંચનબેન સાધુ જેવા કલાકારો સાથે તબલાના ઉત્સાદ કશ્યપ શ્રીમાળી, બેન્જા માસ્ટર રજનીકાંત મીસ્ત્રી અને મંજીરાના માણીગર રમેશ રમકડું લોકસંગીત તથા સંતવાણી રમઝટ સાથે સંગીતના સૂર રેલાવશે.

# બનાસકાંઠામાં વાતાવરણ પલટાતા કમોસમી વરસાદના છાંટાથી પાકને નુકસાનની ભીતિ

સરહદી બનાસકાંઠા જિલ્લામાં એકાએક વાતાવરણમાં પલટો આવ્યો હતો. જ્યાં પાલનપુર શહેર સહિતના ધાણધાર પંથકમાં છુટાછવાયા કમોસમી વરસાદના છાંટા પડ્યા હતા. વાતાવરણમાં પલટો આવતાં જીરૂ સહિતના પાકોને નુકશાનની ભિતીથી ખેડૂતોમાં ચિંતા પ્રસરી જવા પામી છે.

બનાસકાંઠા જિલ્લામાં એકાએક વાતાવરણમાં પલટો આવ્યો હતો. જ્યાં પાલનપુરના ધાણધારપંથકમાં છુટાછવાયા કમોસમી વરસાદના છાંટા પડ્યા હતા. વાતાવરણમાં પલટો આવતાં જીરૂ સહિતના પાકોને નુકશાનની ભિતીથી ખેડૂતોમાં ચિંતા પ્રસરી જવા પામી છે. આ અંગે શાંતિલાલ પટેલ નામના ખેડૂતએ જણાવ્યું હતુ કે, ખેડૂતોએ મોંઘા ભાવના બીયારણ,ખાતર લાવીને ખેતી કરી છે. ત્યારે અચાનક વાતાવરણમાં પલટો આવતાં જો કમોસમી વરસાદ પડે તો જીરૂ સહિતના પાકોને મોટુ નુકશાન થાય અને ખેડૂતોને રાતા પાણીએ રોવાનો વારો આવે તેવી શક્યતાઓ હોઈ ખેડૂતોના મોઢા ઉપર ચિંતાની લકીરો જોવા મળી રહી છે.



**મોડાસાના હજીરા વિસ્તારમાં કારની અડફેટે બાઈકચાલક ઈજાગ્રસ્ત**

મોડાસાના હજીરા વિસ્તારમાં બાઈક અને કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત થતા બાઈકચાલકને ગંભીર ઈજાઓ પહોંચતા લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા. મોડાસા તાલુકાના મઠ (દધાલિયા) ગામનો ગોપાલ ભલાભાઈ પરમાર નામનો યુવાન બાઈક લઈ હજીરા વિસ્તારમાંથી પસાર થઈ રહ્યો હતો ત્યારે ઓવરટેઈક કરવાની લાહ્યમાં બાઈક અને કાર ધડાકાભેર અથડાતા બાઈકચાલક રોડ પર પટકાતા શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા તાબડતોડ સારવાર અર્થે દવાખાને ખસેડાયો હતો. અકસ્માતની ઘટનાના પગલે લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા. પોલીસતંત્ર ઘટનાસ્થળે પહોંચી ટ્રાફિક પૂર્વરત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



**માથાસુલિયા પ્રાથમિક શાળામાં સુભાષચંદ્ર બોઝની જન્મજયંતિની ઉજવણી**

માથાસુલિયા પ્રા. શાળા, તા. મોડાસામાં સુભાષચંદ્ર બોઝની ૧૨૨મી જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી. જેમણે સ્વતંત્રતા માટે પોતાનુ આખુ જીવન આઝાદીની લડાઈમાં સમર્પિત કર્યુ હતુ. બાળપણથી જ તીવ્ર બુદ્ધિમાન સુભાષચંદ્ર બોઝના જીવન વિશેની અને આઝાદી મેળવવામાં આપેલા યોગદાનની વિગત સા.વિ.ના શિક્ષક રણજીતકુમાર વણકર દ્વારા બાળકોને આપવામાં આવી. સી.આર.સી. મનિષાબેન પટ્ટણીની હાજરીમાં મુ.શિ. દ્વારા પણ સુભાષચંદ્ર બોઝના જીવન પ્રસંગોની ચર્ચા દ્વારા બાળકોને અવગત કરાયા હતા. ધો. ૮ની વિદ્યાર્થીની રીટા દોઢિયાર દ્વારા પણ સુભાષચંદ્ર બોઝ વિશે પોતાનું વ્યક્તવ્ય રજૂ કર્યુ હતુ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઈન્દ્રસિંહ રહેવરે કર્યુ હતુ.

# પાલનપુર નગરપાલિકા દ્વારા વિકાસના કામોનું ખાત મુહૂર્ત કરાયું

### પાલિકા ઉપપ્રમુખ સહિત ચેરમેનોની અવગણના થઇ હોવાનો ગણગણાટ

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકા દ્વારા રાજ્યકક્ષાના પ્રજાસત્તાક દિનની ઉજવણી ટાણે બ્રિજેશ્વર કોલોની ખાતે પ્રભારી મંત્રીના હસ્તે રૂ.૪૪૨૦.૯૧ લાખના ખર્ચે વિવિધ વિકાસ કામોનું ખાત મુહૂર્ત કરાયું હતું.

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકા દ્વારા પાલનપુર શહેરના મહેશ્વરી હોલ સામે અમૃત યોજના અંતર્ગત વરસાદી પાણીના નિકાલ અને પીવાના પાણી સહિતના રૂ.૪૪૨૦.૯૧ લાખના વિકાસ ના કામોનું ખાતમુહૂર્ત જિલ્લાના પ્રભારી મંત્રી ઈશ્વરભાઈ પરમારના હસ્તે કરાયું હતું. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી હરિભાઈ ચૌધરી, જિલ્લા કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી સહિત પાલિકાના પદાધિકારી અને અધિકારીઓ હાજર રહ્યા હતા.

# મોડાસાની બીસીએ કોલેજના વિદ્યાર્થીઓ સેમ-૧ની પરીક્ષામાં મોખરે



મોડાસા, તા. ૨૩

હેમચંદ્રચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની તાજેતરમાં ઓક્ટો-ડિસે-૨૦૧૮માં લેવાયેલી બી.સી.એ. સેમ-૧ યુનિવર્સિટીની પરીક્ષામાં અમારી સંસ્થામાં બીસીએના વિદ્યાર્થી સુથાર કરણ ડી. હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં ત્રીજો ક્રમાંક, પટેલ કૃપા જે. છઠ્ઠો ક્રમાંક, પઠાણ સુભાનખાને સાતમો ક્રમાંક, ચૌહાણ પ્રિયાબેન કે. એ નવમો ક્રમાંક મેળવી બી.સી.એ. કોલેજનું ગૌરવ વધારેલ છે. વધુમાં આવી સુંદર સિદ્ધિ હાંસલ કરવા બદલ કોલેજ કેળવણી મંડળના પ્રમુખ નવિનચંદ્ર આર. મોદી તથા ટ્રસ્ટી ડૉ. અરૂણભાઈ શાહ અને કોલેજના પ્રભારી મંત્રી અરવિંદભાઈ જે. મોદી તથા સુરેન્દ્રભાઈ જે. શાહે અભિનંદન પાઠવ્યા હતા. તેમજ કોલેજના આચાર્ય રાજેશ મકવાણા તથા સમગ્ર સ્ટાફમિત્રોને અભિનંદન પાઠવ્યા હતા.

## વિતરણ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બાકી રહેતા લાભાર્થીઓને પણ આવરી લેવા માટે પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ સબસીડીનો પણ લાભ આપવામાં આવશે. જયારે આ યોજના અન્વયે ગુડા દ્વારા સરગાસણ અને કુડાસણમાં નવા આવાસો બાંધવા માટે આયોજન કરાયુ છે. જે અન્વયે ઓછી આવક ધરાવતા પરિવારજનો માટે અંદાજિત ૭૨૮ જેટલા નવા મકાનો બાંધવામાં આવશે. આ આવાસ યોજનાને અનુલક્ષીને ગુડા દ્વારા ફોર્મનુ વિતરણ પણ શરૂ કરી દેવામાં આવ્યુ છે. જયારે અત્યાર સુધીમાં અંદાજિત ૧૫ હજાર જેટલા ફોર્મનુ વિતરણ પણ કરી દેવામાં આવ્યુ છે. આગામી તા ૩૧ જાન્યુઆરી સુધી ફોર્મનુ વિતરણ કરાશે. જયારે આગામી ફેબ્રુઆરી મહીના દરમિયાન લાભાર્થીઓએ ફોર્મ ભરીને પરત આપવાના રહેશે. આ યોજના અન્વયે ડ્રો ના અંતે લાભાર્થીઓને આવાસ ફાળવવામાં આવશે. જયારે લાભાર્થીઓને પ્રધાનમંત્રી આવાસ યોજના અન્વયે સબસીડીનો લાભ પણ મળશે.

## અડાલજ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કામો સાથે અન્ય માળખાગત સુવિધાના કામોને પણ વેગ અપાયો છે. જયારે હાલ ટી પી વિસ્તારમાં તબક્કાવર રસ્તાઓ ખોલવા તેમજ કબજાની આપ લે સહીતની કામગીરી પણ ગતિમાં ચાલી રહી છે. ત્યારે ગુડા વિસ્તારમાં માળખાગત સુવિધાના કામોને વેગ આપવા માટે તબક્કાવાર પાણી ગટરને સંબંધિત કામગીરી પણ હાથ ધરવામાં આવી છે. જયારે આગામી દિવસોમાં અડાલજના ટી પી વિસ્તારમાં પાણીના પ્રોજેક્ટની કામગીરી પણ હાથ ધરાશે. જે અન્વયે અડાલજમાં પાણીની ટાંકી તેમજ સંપ અને પાઈપલાઈનનુ નેટવર્ક ઉભુ કરવા માટે કામગીરી હાથ ધરાશે. અડાલજ ટી પી વિસ્તારમાં પાણીના પ્રોજેક્ટની કામગીરીને અનુલક્ષીને અંદાજિત રૂ ૧૮ કરોડનો ખર્ચ કરાશે. જયારે આ કાર્યયોજના માટે ટુંકમાં ટેન્ડર પ્રક્રીયા હાથ ધરાશે. આગામી એક વર્ષમાં અડાલજ ટી પી વિસ્તારને અનુલક્ષી પાણીના પ્રોજેક્ટની કામગીરી પુર્ણ કરી દેવાશે. ગુડા વિસ્તારમાં વિકાસના અવનવા કામો સાથે પાણી , ગટર તેમજ રસ્તાના કામો તરફ પણ વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યુ છે. જયારે આ ઉપરાંત નવી આવાસ યોજનાનુ કામ પણ આગામી દિવસોમાં શરૂ કરવામાં આવશે.

## ઝપટમાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ટીમે આજે ત્યાં પહોંચી જઈ તાબડતોબ રસીકરણની કામગીરી પણ હાથ ધરી દીધી છે.

ગામમાં આ રોગને કારણે ભેંસના ત્રણ નાના બચ્ચાના મોત નીપજ્યાંની વાત પણ ચર્ચામાં છે. જોકે તંત્રના અધિકારીઓ આ મુદ્દે મૌન સેવી રહ્યા છે.

ખરવા મોવાસામાં પશુને તેના મોંઢામાં ચાંદીઓ પડે છે અને તે ચારો ખાઈ શકતુ નથી. આ ઉપરાંત ફીણ પણ મ્હોંઢાના ભાગમાંથી આવતુ હોય છે જેને કારણે પશુધન અશક્ત બની જતુ હોય છે.

અન્ય જિલ્લાઓમાંથી આવેલા પશુઓના પગલે આ રોગચાળો ઉભો થયો હોય તેવુ અનુમાન છે. જો કે તંત્રની ટીમો સમગ્ર સ્થિતિ અંગે અભ્યાસ કરી રહ્યા છે અને હાલ પશુધન માટે તાબડતોબ રસીકરણની કામગીરી હાથ ધરી છે.

બે માસ પૂર્વે જ આ રોગચાળાના રક્ષણ માટે રસીકરણનો કાર્યક્રમ તંત્ર દ્વારા જિલ્લાકક્ષાએ હાથ ધરવામાં આવ્યો હતો જે નોંધનીય છે. તંત્રના સૂત્રોએ દાવો કર્યો છે કે પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ છે અને પરિસ્થિતિ એક-બે દિવસમાં સામાન્ય થઈ જશે.

## રાજકીય પ્રવેશ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉત્તરપ્રદેશમાં જીતનાર પાર્ટી જ કેન્દ્રમાં સત્તામાં આવે છે. હાલમાં જ સપા અને બસપા દ્વારા મહાગઠબંધનની જાહેરાત કરવામાં આવી હતી. આ મહાગઠબંધનને કોંગ્રેસ પાર્ટીને સામેલ નહીં કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. ત્યારબાદ કોંગ્રેસે એકલા હાથે ચૂંટણી મેદાનમાં ઉતારવાનો નિર્ણય કર્યો હતો. થોડાક દિવસ પહેલા જ ગુલામ નબી આઝાદના નેતૃત્વમાં ઉત્તરપ્રદેશ નેતાઓની બેઠક મળી હતી. બેઠકમાં મોટાભાગના નેતાઓએ એવો અભિપ્રાય આપ્યો હતો કે, લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસ પાર્ટી સપા અને બસપાથી અંતર રાખે તે જરૂરી છે. મોટા પક્ષોના બદલે કોંગ્રેસ પાર્ટી નાના પક્ષો સાથે સમજૂતિ કરીને કોંગ્રેસ નવા ગઠબંધનની રચના કરી શકે છે. રાહુલ ગાંધીની રેલીઓને લઈને પણ ચર્ચા કરવામાં આવી હતી.

## પાર્ટી છે

● અનુસંધાન પહેલાનું ચાલુ

પર કરવામાં આવે છે કે, દેશના લોકો કયા પ્રકારની વિચારધારા ધરાવે છે. ભાજપના નિર્ણય એવા આધાર પર થતાં નથી કે, એક વ્યક્તિ અથવા તો એક પરિવાર શું વિચારે છે. પાર્ટીના કાર્યકરો શું વિચારે છે તેવા નિર્ણયના આધાર પર નિર્ણય લેવામાં આવે છે. મોદીએ કહ્યું હતું કે, ભાજપ લોકશાહી સંસ્કૃતિ અને મૂલ્યોના આધાર પર ચાલે છે. પ્રિયંકાને સક્રિય રાજનીતિમાં ઉતારવાના નિર્ણય બાદ જુદા જુદા પક્ષો તરફથી આકરી પ્રતિક્રિયા મળી રહી છે. રાહુલ ગાંધી પોતાના સંસદીય ક્ષેત્ર અમેઠીમાં પહોંચ્યા છે.

## ભારતનો વિજય

● અનુસંધાન પહેલાનું ચાલુ

લક્ષ્યાંકને ભારતીય ટીમે માત્ર બે વિકેટ ગુમાવીને પાર પાડ્યો હતો. શિખર ધવન ૭૫ રન બનાવીને નોટઆઉટ રહ્યો હતો જ્યારે કેપ્ટન કોહલી ૪૫ રન કરીને આઉટ થયો હતો. રાયડુ ૧૩ રન સાથે અણનમ રહ્યો હતો. માત્ર નેપિયરના મેદાનની વાત કરવામાં આવે તો ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે આ મેદાન ઉપર આજની મેચ પહેલા છ મેચો રમાઈ હતી જે પૈકી ભારતીય ટીમને બે મેચો જીતવામાં સફળતા મળી હતી. જ્યારે ચાર મેચોમાં ન્યૂઝીલેન્ડની ટીમ જીતી છે. ન્યૂઝીલેન્ડની ટીમના એકંદરે દેખાવની વાત કરવામાં આવે તો આ મેદાન ઉપર ન્યૂઝીલેન્ડની ટીમે આજની મેચ પહેલા કુલ ૪૦ મેચો રમી હતી જે પૈકી ૨૪ મેચોમાં જીત થઈ હતી અને ૧૩ મેચોમાં હારનો સામનો કરવો પડ્યો હતો. બે મેચો ટાઈ રહી હતી અને એક મેચનું પરિણામ આવી શક્યું ન હતું. નેપિયરના મેદાન ઉપર બુધવારની મેચ પહેલા ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે છેલ્લી વન ડે મેચ ૧૯મી જૂન ૨૦૧૪ના દિવસે રમાઈ હતી. આ મેચમાં ન્યૂઝીલેન્ડને સાત વિકેટે ૨૯૨ રન બનાવ્યા હતા.

જવાબમાં ભારતીય ટીમ ૪૮.૪ ઓવરમાં ૨૬૮ રન કરીને ઓલઆઉટ થઈ ગઈ હતી. આની સાથે જ ન્યૂઝીલેન્ડે આ મેચ ૨૪ રની જીતી લીધી હતી. તે વખતે ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન તરીકે ધોની અને ન્યૂઝીલેન્ડના કેપ્ટન તરીકે મેક્કુલમ હતા. જોરદાર ફોર્મમાં ચાલી રહેલા વિરાટ કોહલીએ આ મેદાન ઉપર પણ અગાઉ સદી ફટકારી હતી. ૨૦૧૪માં ૧૧૧ બોલમાં ૧૧ ચોગ્ગા અને બે છગ્ગાની મદદથી ૧૨૩ રનની ઈનિંગ્સ રમી હતી. ઉપરાંત ઉપરાંત ભારત માટે વિરેન્દ્ર સહેવાગે ૨૦૦૨માં આજ મેદાન ઉપર ૧૦૮ રનની ઈનિંગ્સ રમી હતી.

## લાલકિલ્લામાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

આઈએનએની વિરૂદ્ધ જે કેસ નોંધાયો હતો, તેની સુનવણી લાલ કિલ્લામાં જ થયું હતું. આ જ કારણ છે કે અહીં પર સંગ્રહાલય બનાવ્યું છે. સંગ્રહાલયમાં આવનારા લોકોને શ્રેષ્ઠ અનુભવ પ્રદાન કરવા માટે ડિઝાઈન કરાયું છે, જેમાં ફોટો, પેન્ટિંગ, અખબારની ક્લિપિંગ, પ્રાચીન રેકોર્ડ, ઓડિયો-વીડિયો ક્લિપ, એનિમેશન અને મલ્ટી મીડિયાની સુવિધા હશે. આપને જણાવી દઈએ કે હજુ થોડાંક સમય પહેલાં જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આઝાદ હિન્દ ફૌજ દ્વારા અંદમાન નિકોબારમાં લહેરાવેલ ત્રિરંગાના ૭૫ વર્ષ પૂરા થવા પર અહીંની મુલાકાત કરી હતી.

# ખેરાલુ ખાતે ૭૦માં પ્રજાસત્તાક દિનની ઉજવણી કરાશે

મહેસાણા, તા. ૨૩

ભારતના ૭૦માં પ્રજાસત્તાક દિનની ઉજવણી નિમિત્તે જિલ્લાકક્ષાનો ધ્વજવંદન કાર્યક્રમ ખેરાલુ ખાતે રાખવામાં આવેલ છે. ૨૬ જાન્યુઆરી ૨૦૧૯ને શનિવારે સવારે ૯ કલાકે રાજ્યકક્ષાના આરોગ્યમંત્રી કિશોરભાઈ કાનાણી (કુમાર)ના વરદ હસ્તે ધ્વજવંદન થનાર છે. ખેરાલુ કેશુભાઈ વિદ્યાસંકુલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખેરાલુ ખાતે કાર્યક્રમની ઉજવણી થનાર છે. જેમાં ઉપસ્થિત રહેવા જિલ્લા કલેકટર એચ.કે. પટેલે આમંત્રણ પાઠવેલ છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧